# 2. પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :

**1) પશ્ચિમ યુરોપ, એશિયા અને આફ્રિકામાં સંસ્થાનોસ્થાપવાની પ્રક્રિયા વર્ણવો.**

- પશ્ચિમ યુરોપમાં સ્થપાયેલાં સંસ્થાનો : પશ્ચિમ યુરોપના રાષ્ટ્રો સામ્રાજ્યવાદી ભાવના ધરાવતાં હતાં. તેમણે તેમનાં પડોશી રાષ્ટ્રો પર પણ સત્તા જમાવી હતી.
- નેધરલૅન્ડઝ, બેલ્જિયમ અને લકઝમ્બર્ગ સ્પેને સત્તા જમાવી હતી.
- પોર્ટુગીઝ શાસક બિનવારસ મૃત્યુ પામતાં લોહીના સંબંધે, પોર્ટુગલ સ્પેનના રાજા ફિલિપ્સ બીજાના હાથમાં આવ્યું.
- લગભગ છદાયકા સુધી બિનયુરોપિયન દેશોમાં સંસ્થાનોમાં સ્થાપવાનો ઇજારો એકમાત્ર સ્પેન પાસે રહ્યો હતો.
- ફ્રાન્સ અને ઑસ્ટ્રિયાએ ઈટાલી અને જર્મની પર સત્તા જમાવી.
- એશિયામાં સ્થપાયેલાં સંસ્થાનો : ઈંગ્લૅન્ડે ભારતમાં સત્તા જમાવ્યા પછી શ્રીલંકા, મ્યાનમાર, સિંગાપુર, મલાયા વગેરે ભારતના પદોશી દેશો પર પણ સત્તા જમાવી હતી.
- ઈંગ્લૅન્ડે ચીનમાંપ્રવેશ મેળવ્યા પછી કૅન્ટોન બંદરે અફિણનો વેપાર શરૂ કર્યો. તેથી ઈંગ્લૅન્ડ અને ચીન વચ્ચે 'અફીણ વિગ્રહો' થયાં. તેમાં ચીનની હાર થતાં ઈંગ્લૅન્ડને ચીનનાં બીજાં પાંચ બંદરો મળ્યાં. તેથી ચીનમાં ઈંગ્લૅન્ડની સત્તામાં વધારો થયો.
- ચીનની નિર્બળતાનો લાભ લઈ રશિયા, જર્મની, ફ્રાંસ, બેલ્જિયમ,અમેરિકા વગેરે દેશોએ પણ ચીનમાં વેપાર અને રાજકીય અધિકારો મેળવ્યા.
- પશ્ચિમ એશિયાના દેશોમાં ખનીજ તેલના વિપુલ ભંડારો હતા. તેથી ઈંગ્લૅન્ડ, જર્મની રશિયા અને અમેરિકાએ ઈરાન, ઈરાક, કુવૈત, સાઉદી અરેબિયાં, બહેરિન વગેરે દેશોમાં પોતાની તેલ કંપનીઓ સ્થાપી.
- આફ્રિકામાં સ્થપાયેલાં : 15માં સદીના અંત ભાગમાં સૌપ્રથમ નેધરલૅન્ડઝના ડચ લોકોએ આફ્રિકાના દક્ષિણ ભાગમાં-કૅપમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું.
- ત્યાર પછી ઈંગ્લૅન્ડે કૅપમાં અને ફ્રાન્સે ઉત્તર આફ્રિકામાં અલ્જિરિયામાં સંસ્થાનો સ્થાપ્યાં.
- બેલ્જિયમના રાજા લિયોપૉલ્ડે કૉન્ગનો પ્રદેશ કબજે કરી ત્યાં પોતાની સત્તા સ્થાપી.
- ઈંગ્લૅન્ડે ઈજિપ્ત તથા પૂર્વ આફ્રિકાના કેટલાક વિસ્તારોમાં તેમજ દક્ષિણઆફ્રિકા, નાતાલ, આફ્રિકા ટ્રાન્સવાલ વગેરેમાં પોતાની સત્તા સ્થાપી.
- ફ્રાન્સે ટ્યુનિશિયા, મોરેક્કો, પશ્ચિમ આફ્રિકાના પ્રદેશો વગેરેમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું.

- ઈટલીએ રાતા સમુદ્રની આસપસના પ્રદેશોપર સત્તાજમાવી.
- સ્પેન અને પોર્ટુગલે આફ્રિકાના કેટલાક પ્રદેશોમાંપોતાનાં સંસ્થાનો સ્થાપ્યાં.
- આમ, ઈ.સ. 1880 સુધીમાં યુરોપના મોટા ભાગના દેશોએ એશિયા અને આફ્રિકાના ઘણા પ્રદેશોમાંપોતાનાં સંસ્થાનો સ્થાપ્યાં.

## 2) પ્રથમવિશ્વયુદ્ધ માટે જવાબદાર પરિબળો જણાવો.

- પ્રથમ વિશ્વયુદ્ધ માટે જવાબદારપરિબળો નીચે મુજબ છે.
- આર્થીક પરિબળ : ઔધ્યોગિક ક્રાંતિ અને સંસ્થાનવાદના ઝડપી ફેલાવાને કારણે યુરોપના દેશોએ પુષ્કળ કાચા માલની જરૂર પડતી હતી.
- 19મી સદીને અંતે જર્મનીએ એશિયા અને આફ્રિકાનાં બજારોમાં ઈંગ્લેંન્ડ તથા ફ્રાન્સની તુલનામાં માલ ઓછી કિંમતે વેચવા માંડ્યો. આ રીતે તેણે ઈંગ્લેંન્ડ અને ફ્રાંસનાં એશિયા તથા આફ્રિકાના બજારોતોડવા માંડયાં. પરિણામેજર્મનીને ઈંગ્લેંન્ડ અને ફ્રાંસ સાથે તીવ્ર આર્થિકસ્પર્ધા થઈ.
- લશ્કરવાદ : પાડોશી દેશોના આક્રમણના ભય અને શંકાથી ઈંગ્લેંન્ડ, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, રશિયા વગેરે દેશોએ સ્વરક્ષણના બહાનાં હેઠળ પોતાના લશ્કર અને શસ્ત્રસામગ્રીમાં વધારો કરવા માંડ્યો.
- આમ, આર્થિક સ્પર્ધામાં લશ્કરી સ્પર્ધા ઉમેરાતાં યુદ્ધનું વાતાવરણ સર્જાયું.
- જૂથબંધીઓ-ગુપ્ત સંધિઓ : ઈ.સ. 1914 પહેલાં એક બાજુ જર્મની, ઑસ્ટ્રિયા, હંગેરી, બલ્ગેરિયા, તુર્કીનું જુથ, તો બીજી બાજુ ઈંગ્લેંન્ડ, ફ્રાંસ, રશિયા, અને જાપાનનું જૂથ રચાયું હતું.
- યુરોપની સત્તાઓ જુતબે જુથમાં વહેંચાઈ ગઈ હતી. આબંને જુથો વચ્ઈસચે ઈર્ષ્યા, દુશ્મનાવટ, આશંકા, ભય, તિરસ્કાર અને સંઘર્ષની સ્થિતિ સર્જાઈ. પ્રથમ વિશ્વયુદ્ધનું આ મહત્વનું પરિબળ હતું.
- ઊગ્ર રાષ્ટ્રવાદની ભાવના : બેલ્જિયમ અને ગ્રાસની સ્વતંત્રતા તેમજઈટાલી અનેજર્મનીનું એકીકરણ થયું. યુરોપમાં આર્થિક ઈર્ષાઓ, ખેંચતાણો, પ્રતિસ્પર્ધાઓ અને સામ્રાજ્યવાદની અત્યંત વૃદ્ધિને કારણે એકબીજાં રાહિરષ્ટ્રોના હિતો ટકરાવાં લાગ્યાં.યુરોપનાં આગળ પડતાં રાષ્ટ્રોએ પોતાની પ્રજાને ઉગ્ર અને આક્રમક દેશભક્તિના પાઠો શિખવાડ્યા, પોતાના દેશ માટે પ્રેમ અને બીજાં રાષ્ટ્રો પ્રત્યેની ધૃણાને ઉત્તેજન આપવા માંડ્યું. જર્મનીનો સમ્રાટ કૈસર વિલિયમ બીજો અત્યંત મહત્વકાંક્ષી અને સામ્રાજ્યવાદી હતો. તેવિશ્વપ્રભુત્વની નીતિમાં માનતો હતો. તે પોતાની પોતાની પ્રચંડ લશ્કરી તાકાતથી ઈંગ્લેંન્ડ અને ફ્રાન્સને ડરાવીને પોતાનું ધાર્યું કરવા ઈચ્છતો હતો. વિલિયમની નીતિએ જર્મની અને સમગ્ર વિશ્વને યુદ્ધના મુખમાં ધકેલ્યું.
- વર્તમાન પત્રોનો ફાળો : યુરોપનાં વર્તમાનપત્રોનાં આકરાં ઉશ્કેરીજનક, અતિશયોક્તિભર્યાં અને જુઠાં લખાણોએ યુદ્ધની ભુમિકા સર્જી.
- યુદ્ધ અંગેનું તત્વજ્ઞાન : યુરોપમાં બધે 'યુદ્ધ એ જ કલ્યાણ'ની નીતિએ જોર પકડ્યું.

- ટ્રિટસ્કે નામના જર્મન લેખકે ’શક્તિમાનને જીતવાનો હક છે’ અને ‘યુદ્ધ એ રાષ્ટ્રીય જરૂરિયાત છે.’ ના સિદ્ધાંતો પ્રચલિત કર્યા.
- નીત્સે નામના જર્મન લેખકે યુદ્ધને ‘પવિત્ર કાર્ય ગણાવ્યું.
- તાત્કાલિક કારણ : ઑસ્ટ્રિયાના રાજકુમાર આર્કડ્યૂક ફર્ડિનાન્ડ અને તેની પત્નિનાં બૉસ્નિયાની રાજધાની સારોજેવોમાં સર્બિયાની ‘કળા હાથ’ નામની ઉગ્ર સંસ્થાના સભ્યે ખૂન કર્યાં.
- આ ઘટના પાછળ સર્બિયાનો હાથ હોવાનો ઑસ્ટ્રિયાએ આક્ષેપ મૂક્યો અને 48 કલાકમાં તેના ગુનેગારોને પકડી ઑસ્ટ્રિયા સમક્ષ હાજર કરવાનું સર્બિયાને આખરીનામું આપ્યું. સર્બિયાની સલીલ સાંભળી નહિ અને 28 જુલાઈ 1914ના રોજ તેણે સર્બિયા સામે યુદ્ધ જાહેર કર્યું.
- આમ, ઑસ્ટ્રિયાના રાજકુમાર અને તેની પત્નિના ખૂનનો બનાવ પ્રથમ વિશ્વયુદ્ધનું કારણ બન્યું.

### 3) પ્રથમવિશ્વયુદ્ધના પરિણામો લખો.

- 28 જુલાઈ, 1914માં શરૂ થયેલા પ્રથમ વિશયુદ્ધનો 11 નવેમ્બર, 1918ના રોજ અંત આવ્યો. આ યુધમાં જર્મની અને ધરીરાષ્ટ્રોનો પરાજય થયો અને મિત્રરાષ્ટ્રોનો વિજય થયો.
- પ્રથમ વિશ્વયુદ્ધનાપરિણામો નિચે મુજબ છે.
- જાનમાલની હાનિ : ઈતિહાસવિદ લૅંગસમના જણાવ્યા પ્રમાણે યુદ્ધમાં 6.5 કરોડ લોકોએ ભાગ લીધો હતો. તેમાં 1 કરોડ લોકો મૃત્યુ પામ્યા હતા. 2 કરોડ લોકો ઘવાયા હતા. અને 70 લાખ લોકો કાયમી અપંગ બન્યા. યુદ્ધ પછી અસંખ્ય લોરઓકો રોગચાળો અને ભુખમરામાં મૃત્યુ પામ્યા. યુદ્ધમાં ખર્ચનો આંકડો ઘણો મોટો હતો.
- સામાજિક પરિવર્તન : વિશ્વયુદ્ધમાં મોટી સંખ્યામાંપુરુષોની સંખ્યાઘટી. આથી જીવનનાં અનેક ક્ષેત્રોમાં કામ કરવા માટે સ્ત્રીઓને આગળ આવવું પડ્યું. પુરુષોની કૌટુંબિક અને વ્યાવસાયિક જવાબદારીઓ સ્ત્રીઓએ સ્વીકારવી પડી.
- ઘરની ચાર દિવાલોમાંથી સ્ત્રીઓબહાર આવી. તેમણે વ્યાવસાયિક ક્ષેત્રે સફળતાપૂર્વક જવાબદારી સંભાળી. પરિણામે તેમના પુરુષ સમોવડી હોવાના આત્મવિશ્વાસમાં વધારો થયો તેમનામાં સમાનતાની ભાવના જાગી. યુરોપિય દેશોમાં સ્ત્રીઓએ મતાધિકાર મેળવવા માટે આંદોલનો થયા.
- યુદ્ધ દરમિયાન જીવન-જરૂરિયાતોનું ઉત્પાદન ઘટ્યું. તેથી યુર્પિય દેશોમાં અછાત, બેકારી, ભૂખમરો, હડતાલો, તાળાબંધી જેવી સમસ્યાઓ સર્જાઈ. લોકોને અનેક મુશ્કેલીઓ વેઠવી પડી.
- યુરોપના દેશોમાં બાળકોની સ્થિતિ સચનિય બની.
- જુથબંધીઓ-ગુપ્ત સંધિઓ : જૂન, 1919ને વર્સેલ્સની સંધિ : ઈ.સ. 1919માં ફ્રાન્સની રાજધાની પૅરિસમાં મળેલાં મિત્રરાષ્ટ્રોએ ‘શાંતિ પ્રક્રિયા’ હાથ ધરી, જે ‘પૅરિસ શાંતિ સન્મેલન’ તરીકે પ્રસિદ્ધ બની.

- તેમાં 58 જેટલા કમિશનો રચાયાં હતા. તેમની 145 જેટલી બેઠકો યોજવામાં આવી હતી. આ શાંતિ સંમેલનમાં જર્મની સાથેની સમજૂતી વર્સેલ્સના શીશમહેલમાં કરવામાં આવી હતી. તેથી તે 'વર્સેલ્સની સંધિ' તરીકે ઓળખવામાં આવે છે.
- અંતે મિત્રરાષ્ટ્રોએ હારેલાં રાષ્ત્રો પર જૂન, 1919માં વર્સેલ્સની સંધિ લાદી. આ સંધિમાં ચાર પ્રકારની જોગવાઈઓ કરવામાં આવી હતી : 1. પ્રાદેશિક વ્યવસ્થા, 2. લશ્કરમાં ઘટાડો અને નિઃશસ્ત્રીકરણ, 3. યુદ્ધમાં વળતરના હપતાની હોઠવણી અને યુદ્ધદંડ તથા 4. અન્ય જોગવાઈઓ.
- વર્સેલ્સની સંધિમાં અમિરિકાના પ્રમુખવુડ્રો વિલ્સને, બ્રિટિશ વડા પ્રધાન લૉર્ડ જ્યોર્જે અને ફ્રાંસના વદા લ્કેમેન્સાએ મહત્વની કામગીરી કરી.
- પ્રથમ વિશ્વયુદ્ધ માટે જર્મનીને જવાબદાર ગણીને તેની પર 6.5અબજ પાઉંડનો યુદ્ધદંડ લાદવામાં આવ્યો.
- ફ્રાંસે જર્મનીનો રુહર પ્રાંત પડાવી લીધો. જર્મનીની રહાઈન નદી આંતરરાષ્ટ્રીય જળમાર્ગ માટે ખુલ્લી મુકવામાં આવી.
- ફ્રાન્સની સરહદે આવેલા રહાઈન પ્રદેશમાં કિલ્લેબંધી કરવાની મનાઈ ફરમાવવામાં આવી. દેશના ખનીજોની સમૃદ્ધ પ્રદેશો 15 વર્ષ માટે ફ્રાન્સને આપવામાં આવ્યાં.
- જર્મનીના મોટા ભાગના સંસ્થાનો પડાવી લેવામાં આવ્યાં.
- આલ્સેસ અને લૉરેંસ પ્રાંત ફ્રાન્સને પાછા આપવામાં આવ્યા.
- યુદ્ધના દંડપેટે જર્મનીએ દર વર્ષે મોટા જથ્થામાં કોલસો અને લોખંડ ફ્રાન્સ અને મિત્રરાષ્ટ્રોને આપવાનું નક્કી કરવામાં આવ્યું.
- આ તમામ શરતો પર જર્મની પાસે બંદૂકની અણીએ બળજબરી પૂર્વક સહી કરાવવામાં આવી. આથી જર્મન પ્રજા હતાશ અને નિરાશ થઈ ગઈ.
- દૂરોગામી પરિણામો : યુદ્ધમાં પરાજિત રાષ્ત્રો સાથે કરવામાં આવેલી વર્સેલ્સની સંધિમાં વેરની ભાવના હતી. તેનાથી વિશ્વામાં શાંતિ સ્થાપિ શકાય નહિ.
- વિશ્વશાંતિ જાળવવા રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી.
- રશિયાને રાસ્ટ્રસંઘમાં સ્થાન આપવામાં આવ્યું નહિ. અમેરિકા રાષ્ટ્રસંઘમાં જોડાયુ નહિ.
- વિશ્વ ફરીથી બે ભાગમાં વહેંચાઈ ગયું. આમ, પ્રથમ વિશ્વયુદ્ધની શાંતિ પ્રક્રિયામાં જ દ્વિતિય વિશ્વયુદ્ધના બીજ રોપાયાં હતાં.

**2. ટૂંકનોંધ લખો :**

### 1) રશિયન ક્રાંતિ

- ઈ.સ. 1917ની રશિયન ક્રાંતિ વિશ્વના ઈતિહાસની એક મહત્વની ઘટના ગણાય છે.
- રશિયાના ઝાર રાજાઓ આપખુદ હતા. તેઓ નિરંકુશ સત્તાઓ ભોગવતા હતા. ઝારના શાસનમાં પ્રજાને કાઈ અધિકાર નહોતા. રશિયાની પ્રજા ઝારશાહિના દમન નીચે કચડાતી હતી. ઝાર રાજાઓ એટલા બધા કઠોર હતા કે જો કોઈ વ્યક્તિ અધિકારની માંગણી કરે તો તેની પર અત્યાચાર ગુજારવામાં આવતો અથવા તેને કાતિલ ઠંડી ધરાવતા સાઈબીરિયામાં ધકેલી દેવામાં આવતો હતો.
- આમ, રશિયાની આપખુદ, નિરકુશ અને આત્યાચારી ઝારશાહિ દ્વારા પ્રજાને દુઃખ, ગરિબાઈ અને યાતના જ મળી હતી.
- રશિયાના ખેડુતો, ખેતદાસો અને મજૂરોનો મોટો વર્ગ રશિયાની સમંતશાહિથી કચડાતો હતો. તેઓ તેમના માલિકનાં ખેતરોમાં કમરતોડ કાળી મજૂરી કરતા, છતાં તેમને પૂરતૂ વળતર મળતુ નહોતું તેમની સ્થિતિ કંગાળ બની હતી.
- 22 જાન્યુઆરી, 1905ને રવિવારના દિવસે સેન્ટ પિટસબર્ગના લોકો ફાધર ગેંપોન નામના પાદરીના નેતૃત્વ નીચે વિશાળ સરઘસ કાઢીને ઝાર નિકોલસ બીજાને આવેદનપત્ર આપવા માટે તેના મહેલે ગયા. તે નિઃશસ્ત્ર હતા. કેટલાક લોકોના હાથમાં ઝારની છબી હતી. તેમાં 'રશિયનો ગોરો નાનો, પ્રભુઘણુંજીવો' જેવા સૂત્રો લખેલાં હતા. આ લોકો પર ઝારે લશ્કર દ્વારા ગોળી બાર કરાવી હજારો નોર્દોષ લોકોને મારી નાંખ્યાઅને હજારોને ઘાયલ કર્યા.
- ઈ.સ. 1905માં રશિયા અને જાપાન વચ્ચે યુદ્ધ થયું. તેમાં રશિયાનો પરાજય થયો. આથી ઝારશાહિની નબળઈઓ ખુલ્લી પડી. રશિયાની પ્રજા ઉશ્કેરાઈ. તેણે ઝાર રાજા સામે ભારે દેખાવો કર્યા.
- રોષે ભરાયેલી રશિયન પ્રજાએ શાંત પાડવા ઝારે વર્ષોથી નહિ બોલાવેલી ડુમા બોલાવવાની જાહેરાત કરવામાં આવી. સમયાંતરે ડુમાની ચાર બેથકો થઈ. પરંતું તે પ્રજાને સંતોષ થાય એવાં પગલાં ભરે તે પહેલાં તેને બરખાસ્ત કરવામાં આવી.
- 8 માર્ચ, 1917ના રોજ પેટ્રોગાર્દના કામદારોએ હડતાલ પાડી. હડતાલને દબાવી દેવા માટે ઝાર નિકોનીલસ બીજાએ સૈન્ય મોકલ્યું. પરંતુ સૈન્યે ગોળીબાર કરવાનો ઈન્કાર કર્યો. આ બનાવથી રશિયામાં ક્રાંતિની શરૂઆત થઈ.
- ઝારશાહીના પતન પછી કેરેન્સ્કીના નેતતૃત્વ નીચેના મેંન્શેવિક પક્ષના હાથમાં સત્તા આવી. ઝારશાહિના પતનથી એકમાત્ર લિનિન સિવાય રશિયાના બધા લોકો ખુશ થયાં.
- લેનિન માર્ક્સવાદી વિચારસરણીમુજબ શ્રમજીવીઓના વર્ચસ્વધરાવતા હતા. લેનિને બૉલ્શેવિકને મેન્શેવિકો વિરુદ્ધ ઉશ્કેરી નવેમ્બર, 1917માં સશસ્ત્ર ક્રાંતિ કરીસત્તા પ્રાપ્ત કરી, જે સમાજવાદી

'બૉલ્શેવિક ક્રાંતિ' તરીકે જાણીતી બની. આમ, રશિયામાંથી ઝારશાહીના 300 વર્ષ જૂના શાસનનો અંત આવ્યો પ્રથમ વાર રશિયા ઝાર વિનાનું બન્યું.

## 2) પ્રથમ વિશ્વયુદ્ધની ઘટનાઓ

- 28 જુલાઈ, 1914ના રોજ પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું.
- વિશ્વયુદ્ધ દરમિયાન વિશ્વનાં રાષ્ટ્રો બે જુથોમાં વહેંચાઈ ગયાં 1. ઈંગ્લૅન્ડ, ફ્રાંસ, રશિયા, ઈટાલી, જાપાન સર્બિયા, અમેરિકા વગેરે 'મિત્રરાષ્ટ્રો'નું જૂથ અને 2. જર્મની, બલ્ગેરિયા, તુર્કી, હંગેરી, ઑસ્ટ્રિયા વગેરે 'ધરિરાષ્ટ્રોનું' જૂથ.
- મિત્ર રાષ્ટ્રોના પક્ષે 24 રાષ્ટ્રોટ્રોએ અને ધરીરાષ્ટ્રોના પક્ષે 5 રાષ્ટ્રોએ યુદ્ધમાં ભાગ લીધો.
- યુદ્ધની શરૂઆતમાં જર્મનીએ યુરોપમાં નોંધપાત્ર વિજયો મેળવ્યા. તેણે ફ્રાંસ અને રશિયાના સૈનિકોનો મોટી સંખ્યામાં સંહાર કર્યો. સબમરીનયુદ્ધ કરીને તેણે મિત્રરાષ્ટ્રોના અનેક જહાજો ડુબાડી દીધાં.
- યુદ્ધમાં બંને જૂથોના પરસ્પર હવાઈ હુમલાઓ, ટ્ન્કો, ઝેરી ગૅસ વગેરે ઉપયોગ દ્વારા લાખો સૈનિકો અને નાગરિકો માર્યા ગયાં.
- ઈ.સ. 1917માં રશિયામાં ક્રાંતિ થઈ. તેથી રશિયા યુદ્ધમાં બહાર નીકળી ગયું.
- આ સમયે જર્મની ખુબ શક્તિશાળી રાષ્ટ્ર હતું. તેણે અમેરિકાની લ્યુસિયાનિયા સ્ટીમરની ડુબાડી દીધી હતી. આ ઘટનામાં અમેરિકાના 147 સૈનિકો માર્યા ગયાં હતા. આથી એપ્રિલ, 1917માં અમેરિકા યુદ્ધમાં મિત્રરાષ્ટ્રોના પક્ષે જોહતાંડાયું. તેની સાથે પનામા, ગ્રીસ, ક્યુબા, ચીન, સિયામ વગેરે દેશો પણ મિત્રરાષ્ટ્રોના પક્ષે જોડાયાં. આથી મિત્ર રાષ્ટ્રોની તાકાતમાં વધારો થયો.
- અમેરિકાના સૈન્ય સામે જર્મનીનું સૈન્ય યુદ્ધમાં ટકી શક્યું નહિ. આથી સમગ્ર યુદ્ધનું પાસું પલટાઈ ગયું.
- સપ્ટેમ્બર, 1918માં બલ્ગેરિયાએ, ઑક્ટોબર, 1918માં ઑસ્ટ્રિયાએ અને તુર્કિએ મિત્ર રાષ્ટ્રોની શરણાગતિ સ્વીકારી લીધી.
- જર્મનીનો સમ્રાટ કૅઇસર વિલિયમ બીજો જએમની છોડીને ભાગી ગયો.
- જર્મન પ્રજાસત્તાકે 11 નવેમ્બર, 1918ના રઓજ મિત્રરાષ્ટ્રોની શરણાગતિ સ્વિકારી, યુદ્ધવિરામ પર હસ્તાક્ષાર કર્યા. આમ, પ્રથમ વિશ્વયુદ્ધનો અંત આવ્યો.

## 3) રાષ્ટ્રસંઘના ઉદ્દેશો

- રાષ્ટ્રસંઘના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ હતા.
- આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવી.
- દરેક રાષ્ટ્રે બીજા રાષ્ટ્રની અખંડિતતા જાળવવી.

- દરેક રાષ્ટ્રે યુદ્ધનીતિનો ત્યાગ કરવો.
- આંતરરાષ્ટ્રીય સંબધો વિકસાવવા.
- આંતરરાષ્ટ્રીય ઝગડાઓનો વાટાઘાટો દ્વારા કે મધ્યસ્થી દ્વારા શાંતિથી ઉકેલ લાવવો.
- જો કોઈ રાષ્ટ્ર રાષ્ટ્રસંઘ કે અન્યની મધ્યસ્થીની અવગણનાકરશે તો રાષ્ટ્રસંઘ એ રાષ્ટ્રને ‘બળવાખોર’ રાષ્ટ્ર જાહેર કરશે અને સંઘના બધાં રાષ્ટ્રો તેની સાથે સંબધો કાપી નાખશે.
- ગરીબી, બેકારી, અજ્ઞાન અને નિરક્ષરતા એ યુદ્ધનાં મૂળ કરણો હોવાથી તેમને દૂર કરવા બધા સભ્ય રાષ્ટ્રોએ પ્રયત્નો કરવા.

## 3. કારણો આપો.

### 1) પ્રથમ વિશ્વયુદ્ધ પછી રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી.

- પ્રથમ વિશ્વયુદ્ધથી પારાવાર જાનહાનિ થઈ હતી અને અબજો રુપિયાની સંપત્તિ નાશ પામી હતી.
- વિશ્વયુદ્ધની આ ભયાનકતાએ વિશ્વના દેશોને વિશ્વશાંતિની અનિવાર્યતા સમજાઈ. ફરીથી આવો વિગ્રહ ન થાય એ માટે વિશ્વના દેશોને જગતમાં શાંતિ રાખવાં, પરસ્પરના મતભેદો કે ઝગડાઓ વાટાઘાટો કે લવાદી દ્વારા શાંતિથી ઉકેલવા તથા આંતરરાષ્ટ્રીય સહકાર વધારવા એક આંતરરાષ્ટ્રીય સંસ્થાની જરૂર જણાઈ.
- આથી વિશ્વયુદ્ધના અંતે પૅરિસમાં યોજાયેલી શાંતિ પરિષદે એપ્રિલ, 1919માં કરેલ જોગવઈ અનુસાર 10 જાન્યુઆરી, 1920ના રોજ રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી.

### 2) 22મી જાન્યુઆરી, 1905ના દિવસને રશિયાનો ‘લોહિયાળ રવિવાર’ તરીકે ઓળખવામાં આવે છે.

- 22, જાન્યુઆરી, 1905ના રવિવારના દિવસે ફાધર ગૅપોન નામના એક પાદરીના નેતૃત્વ નીચે એક વિશાળ લોકોનું સરઘસ ઝાર નિકોલસ બીજાને આવેદનપત્ર આપવા તેના મહેલ ગયું. બધા લોકો નિઃશસ્ત્ર હતાં. આ લોકો પર ઝારે લશ્કર દ્વારા ગોળીબાર કરાવી હજારો નિર્દોષ લોકોને મારી નાખ્યા અને હજારોને ઘાયલ થયાં. સેન્ટ પિટ્સબર્ગના ઝારના મહેલ આગળનો બરફ લોહીથી રશિયાનો ‘લોહિયાળ રવિવાર’ તરીકે ઓળખાય છે.

**4. નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :**

**1) પ્રથમ વિશ્વયુદ્ધનાં બીજ કઈ સંધિમાં રોપાયાં હતાં ?**

(A) વર્સેલ્સ

(B) ફ્રેન્કફર્ટ

(C) ફ્રાન્સ અને બ્રિટનની સંધિ

(D) જર્મની અને હંગેરીની સંધિ

**2) પ્રથમ વિશ્વયુદ્ધને અંતે કઈ સંધિ કરવામાં આવી ?**

(A) વર્સેલ્સની સંધિ

(B) ગુપ્તસંધિ

(C) લટેર્નની સંધિ

(D) ફ્રેન્કફર્ટની સંધિ

**3) ફ્રેન્કફર્ટની સંધિમાં ફ્રાન્સે કયા પ્રદેશો ગુમાવ્યા હતા ?**

(A)ડેંઝિંગ પ્રદેશો

(B)અલ્સેસ અને લોરેન્સના પ્રદેશો

(C)પશ્ચિમ રશિયાના પ્રદેશો

(D)ઈંગ્લેન્ડના પ્રદેશો